## (1) કાઝીરંગા નેશનલ પાર્કના સંદર્ભે નીચેનામાંથી કયાં વિધાનો સાચાં છે ?

(1) તાજેતરમાં આસામ રાજ્ય સરકાર દ્વારા કાઝીરંગા નેશનલ પાર્ક અંતર્ગત 5000 હેક્ટર ક્ષેત્રનો વધારો કરવામાં આવ્યો છે.

(2) અહીં વિશ્વની 2/3 એકશિંગી ગેંડાની વસતી જોવા મળે છે.

(3) કાઝીરંગા નેશનલ પાર્ક એ ટાઈગર રિઝર્વ પણ છે.

(4) આ નેશનલ પાર્ક એ 'મહત્ત્વનું પક્ષી ક્ષેત્ર' તરીકે દરજ્જો ધરાવે છે.

(A) માત્ર (1), (2) અને (3) (B) માત્ર (3) અને (4)

(C) માત્ર (2), (3) અને (4) (D) આપેલ તમામ

⇛ જવાબ :- C

**સમજૂતી :**

⇛ તાજેતરમાં આસામ સરકાર દ્વારા 3053 હેક્ટર ક્ષેત્રને કાઝીરંગા નેશનલ પાર્ક સાથે જોડવામાં આવ્યો હતો. (આથી, વિધાન 1 ખોટું છે.)

⇛ આ ક્ષેત્ર એ વિશ્વની 2/3 એકશિંગી ગેંડાની વસતી ધરાવે છે. તેને વર્ષ 1974માં નેશનલ પાર્ક તરીકે ઘોષિત કરવામાં આવ્યું હતું.

⇛ આ ઉપરાંત વર્ષ 1985માં તેનો યુનેસ્કોના વિશ્વ ધરોહર સ્થળોની યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો હતો.

⇛ કાઝીરંગા નેશનલ પાર્ક એક ટાઈગર રિઝર્વનો દરજ્જો પણ ધરાવે છે. આ સાથે જ બર્ડલાઈફ ઈન્ટરનેશનલ દ્વારા તેને "મહત્ત્વનનું પક્ષી ક્ષેત્ર" તરીકેનો દરજ્જો પણ આપવામાં આવ્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(2) વિભાગીય સ્થાયી સમિતિઓના સંદર્ભે નીચેનામાંથી કયાં વિધાનો સાચાં છે ?**

(1) હાલમાં સંસદ અંતર્ગત કુલ 24 વિભાગીય સ્થાયી સમિતિઓ છે.

(2) લોકસભા કરતા રાજ્યસભા અંતર્ગત વધુ વિભાગીય સ્થાયી સમિતિઓ આવેલી છે.

(3) દરેક વિભાગીય સ્થાયી સમિતિ અંતર્ગત મહત્તમ 31 સભ્યોનો સમાવેશ કરવામાં આવે છે.

(4) આ સમિતિનો સામાન્ય રીતે કાર્યકાળ 2 વર્ષનો હોય છે.

(A) માત્ર (2) અને (4)
(B) માત્ર (1) અને (3)
(C) માત્ર (1), (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં રાજ્યસભા સચિવાલય દ્વારા વિભાગીય સ્થાયી સમિતિઓનો કાર્યકાળ 1 વર્ષથી વધારી 2 વર્ષ કરવાના સંબંધિત નિયમોમાં બદલાવ પર વિચાર કરવામાં આવી રહયો છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

⇛ હાલમાં કુલ 24 વિભાગીય સ્થાયી સમિતિઓ છે જેમાં 16 સમિતિઓ એ લોકસભા અંતર્ગત જ્યારે અન્ય 8 સમિતિઓ એ લોકસભા અંતર્ગત કાર્ય કરે છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ દરેક વિભાગીય સ્થાયી સમિતિ અંતર્ગત મહત્તમ 31 સભ્યો હોય છે. સમિતિમાં શામેલ લોકસભાના સભ્યોને સ્પીકર દ્વારા અને રાજ્યસભાના સભ્યોને સભાપતિ દ્વારા નામાંકિત કરવામાં આવે છે.

⇛ કોઈપણ મંત્રી એ આ સમિતિના સભ્ય બનવા લાયક નથી.

⇛ સામાન્ય રીતે પ્રત્યેક સમિતિના સભ્યોનો કાર્યકાળ 1 વર્ષનો હોય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(3) "ડેટા એમ્પાવરમેન્ટ એન્ડ પ્રોટેકશન આર્કિટેકચર" ડ્રાફટના સંદર્ભે નીચેનામાંથી કયાં વિધાનો સાચાં છે ?**

(1) તાજેતરમાં આ ડ્રાફટ એ ઈન્ફોર્મેશન એન્ડ ટેક્નોલોજી મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલ છે.
(2) વ્યક્તિ પોતે જ પોતાના વ્યક્તિગત ડેટાની ઉપયોગિતા નિર્ધારિત કરવામાં સક્ષમ છે, તેના પર ડ્રાફટ આધારિત છે.
(3) આ ડ્રાફટ લોકોને સુરક્ષિત રીતે પોતાના ડેટાની પહોંચ સ્થાપિત કરવા અને ત્રીજા પક્ષ સાથે ડેટા વહેંચવાનો અધિકાર આપે છે.
(4) ડ્રાફટ અંતર્ગત "સહમિત વ્યવસ્થાપન સંસ્થા"ની સ્થાપનાની જોગવાઈ છે.

(A) માત્ર (2), (3) અને (4) (B) માત્ર (2) અને (4)
(C) માત્ર (1) અને (4) (D) આપેલ તમામ

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં નીતિ આયોગ દ્વારા "ડેટા એમ્પાવરમેન્ટ એન્ડ પ્રોટેકશન આર્કિટેકચર" પર એક ડ્રાફટ જાહેર કર્યો હતો. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ ડ્રાફટ એ અવધારણા પર આધારિત છે કે વ્યક્તિ સ્વયં વ્યક્તિગત ડેટાની ઉપયોગિતા નિર્ધારિત કરવાની બાબતમાં સૌથી સારા ન્યાયાધીશ છે. આથી વ્યક્તિને પોતાના વ્યક્તિગત ડેટાનો ઉપયોગ કરવા તથા તેની વહેંચણી કરવાની રીતો પર નિયંત્રણ હોવું જોઈએ.

⇛ ડ્રાફટની જોગવાઈ મુજબ, એક નવીન "સહમતિ વ્યવસ્થાપન સંસ્થા"ની સ્થાપના કરવામાં આવશે. જે એ બાબતની સુનિશ્ચિતતા કરવાની દિશામાં કાર્ય કરશે કે વ્યક્તિ દ્વારા ખાનગી ડેટાના ઉપયોગ માટે આપવામાં આવેલ સહમતિનો દુરુપયોગ ન કરવામાં આવે તથા તેના માટે "નવીનતમ ડિજિટલ માપદંડો"નો ઉપયોગ કરવામાં આવે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (4) "વ્યાપાર સુધારા કાર્ય યોજના" અંતર્ગત જાહેર કરવામાં આવેલ રેન્કિંગના સંદર્ભે નીચેનામાંથી કયાં વિધાનો સાચાં છે ?

(1) વર્ષ 2019ના આ રેન્કિંગમાં પ્રથમ ક્રમ પર આંધ્રપ્રદેશ રહયું છે.

(2) આ રેન્કિંગ એ નીતિ આયોગ દ્વારા જાહેર કરવામાં આવે છે.

(3) વર્ષ 2019ના આ રેન્કિંગમાં સૌથી વધુ સુધારો એ ઉત્તરપ્રદેશ રાજ્યના રેન્કિંગ અંતર્ગત થયેલો છે.

(A) માત્ર (1) અને (2) (B) માત્ર (2) અને (3)

(C) માત્ર (1) અને (3) (D) આપેલ તમામ

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં કેન્દ્રીય નાણા અને કોર્પોરેટ બાબતોના મંત્રી દ્વારા વ્યાપાર સુધાર કાર્ય યોજના (Business Reform Action Plan-BRAP) અંતર્ગત વ્યાપારની સુગમતાના આધાર પર રાજ્યોના રેન્કિંગની ચોથી આવૃત્તિ પ્રસિદ્ધ કરવામાં આવી હતી.

⇛ વર્ષ 2019ના રેન્કિંગમાં પ્રથમ ક્રમ પર આંધ્રપ્રદેશ અને ત્યારબાદ બીજા અને ત્રીજા ક્રમ પર ક્રમશઃ ઉત્તરપ્રદેશ અને ત્યારબાદ બીજા અને ત્રીજા ક્રમ પર ક્રમશઃ ઉત્તરપ્રદેશ અને તેલંગાણાનો ક્રમ રહયો હતો.

⇛ વર્ષ 2018માં ઉત્તરપ્રદેશનો ક્રમ 12મો હતો જ્યારે વર્ષ 2019માં ક્રમ 2 પર રહયું હતું જેમાં સૌથી વધારે સુધારો નોંધવામાં આવ્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(5) 'ખાદી અગરબત્તી આત્મનિર્ભર મિશન'ના સંદર્ભે નીચેનામાંથી કયાં વિધાનો સાચાં છે ?**

(1) આ યોજનાને જાહેર–ખાનગી ભાગીદારીના રૂપમાં ડિઝાઈન કરવામાં આવેલ છે.

(2) યોજના અંતર્ગત આપવામાં આવતા મશીન પર 75% અનુદાન આપવામાં આવશે અને અન્ય 25% કારીગરોથી હપ્તાના ધોરણે વસુલવામાં આવશે.

(3) આ કાર્યક્રમનો કુલ આકાર એ રૂ. 55 કરોડ છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2) અને (3)
(C) માત્ર (1) અને (3)
(D) આપેલ તમામ

⇒ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં MSME મંત્રલય દ્વારા ખાદી અગરબત્તી આત્મનિર્ભર મિશનને મંજૂરી આપવામાં આવી હતી.

⇛ આ યોજના/કાર્યક્રમનો કુલ આકાર એ રૂ. 55 કરોડનો છે અને તેનાથી 1500 કારીગરો માટે રૂ. 3.45 કરોડની સહાયતા રકમનો સમાવેશ કરવામાં આવેલ છે.

⇛ આ યોજના જાહેર–ખાનગી ભાગીદારીના મોડ પર ડિઝાઈન કરવામાં આવેલ છે. યોજના અંતર્ગત સ્વચાલિત અગરબત્તી બનાવવાના મશીન અને પાઉડર મિકિસંગ મશીન આપવામાં આવશે.

⇛ યોજના અંતર્ગત મશીનના કુલ ખર્ચ પર 25% અનુદાન આપવામાં આવશે, જ્યારે બાકીના 75% એ કારીગરોથીએ હપ્તાના માધ્યમથી વસુલવામાં આવશે. (આથી, વિધાન (2) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
*like* | *comment* | *share*
ICE RAJKOT

twitter
ICE RAJKOT